સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સાચા-સજ્જન યુવા માટે રાજનીતિ ધામ નથી,
સેવા માટે સાચું-પવિત્ર, રાજનીતિ ઠામ નથી,
લુચ્ચા-કપટી-ચાણક્યો જ ચાલે છે રાજનીતિમાં -
સંનિષ્ઠ-ન્યાયી યુવાનું રાજનીતિમાં કામ નથી!
(માનનીય વડાપ્રધાનનું નિમંત્રણ)

હાઈકુ

બનાવી દેસે!
મજૂર - કાર્યકરો -
યુવા ચેતજો !
(આ..જા, ફસાજા)

પતંગ દીધા!!
હવે ધાબું પણ દો !!
ઉડાડશે ક્યાં ?!
(મેયરશ્રીનું ગરીબોને દાન)

ચિંતન

मायया भिद्यते ह्येतन्नान्यथाजं कथंचन ।
तत्वतो भिद्यमाने हि मर्त्यतामृतं व्रजेत् ॥

ઉપરોક્ત શ્લોક તૈતરીય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ અજન્મ (અદ્વૈત)માં માયાને લીધે જ ભેદ થાય છે, અન્ય કોઈ પણ પ્રકારે નહીં. જો વાસ્તવિક રીતે ભેદ થાય તો ખરેખર અમૃત મર્ત્યતાને પામે.

આત્મામાં ભેદ દેખાય છે તે માયાને કારણે છે. એ જ સ્વયંપ્રકાશ આત્મા પોતાની માયા વડે સ્વયં કલ્પના કરે છે અને એ જ સર્વભેદોને જાણવા વાળો છે, પરમાર્થ તો અદ્વૈત જ છે, જે અજન્મા છે, પરંતુ માયાને કારણે તે ભેદવાળું લાગે છે. પરંતુ આત્મા તો એક અને નિરવયવ છે, તેથી તેમાં ભેદ હોઈ શકે નહીં. જેમ ઘટ-પટ વગર ભેદને કારણે મૃત્તિકામાં ભેદ દેખાય છે. આથી નિરવયવ અને અજન્મા આત્મામાં કોઈ પ્રકારનો ભેદ સંભવતો નથી. પરંતુ માયાને કારણે ભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે.

સુવિચાર

- વિદ્યાર્થીનો ભાર ન બને, વિદ્યાર્થીનો શૃંગાર બને, એનું નામ 'શિક્ષક' - **એસ. ભટ્ટાચાર્ય**
- સાધના કરવા માટે કોઈ યુનિફોર્મની જરૂર નથી - **મોરારિ બાપુ**
- જે લયમાં નથી રહેતો તેનો પ્રલય થઈ જાય છે - **ઓશો**
- પ્રસન્ન રહેવા માટે મોસમની નહીં, મનની જરૂરત હોય છે - **બીકે શિવાની**
- આપણા યોગનું હેતુ છે પોતાની જાતની પરિપૂર્ણતા સાધવાનો, જાતનો નિષેધ કરવાનો નથી - **અરવિંદ**
- જેને પ્રભુ દોરે છે તેની નિષ્ફળતા એ નિષ્ફળતા નથી - **આમસૂત્ર**
- આજનું ઔષધ : ચાર-ચાર ચમચી મધ સાથે ડુંગળીનો રસ સવાર-સાંજ પીવાથી કોલેસ્ટરોલ નિયંત્રિત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અયોધ્યામાં એક ગરીબ શુદ્ર મિથિલાનગરથી રહેવા આવ્યો. તે મા સીતા અને ભગવાન શ્રીરામનો પરમ ભક્ત હતો. શ્રીરામનાં મંદિરો તરફ જતા બધા જ રસ્તાની સફાઈ કરતો. તે પ્રભુનામમાં સતત મગ્ન રહેતો. એકવાર માતા સીતાના પરમભક્ત સાધુ સીતાશરણ અયોધ્યામાં આવ્યા છે એવી તેને ખબર પડી. તે ગરીબ ભક્ત સાધુની સેવા કરવા એમની કુટિર પર ગયો. ત્યારે સાધુ સીતાશરણ સરયું નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. આ તરફ ગરીબ સેવકે કુટિર સાફ કરી, આંગણું વાળી નાખ્યું, છોડનું બાગ કામ કરીને તેમને પાણી પીવડાવ્યું. એટલામાં સ્નાન કરી સાધુ કુટિર પર પરત ફર્યા. તેમણે પૂછ્યું, 'ભાઈ, તો કોણ છે?' ગરીબ સેવકે કહ્યું, 'મહારાજ, હું મિથિલા નગરીનો રહેવાસી છું. જનકજીના પરિવારનો સેવક છું અહીં અયોધ્યામાં રહીને પ્રભુરામનાં મંદિર તરફ જતા રસ્તાની સફાઈ કરું છું. આપની કુટિર સાફ કરી હું ધન્ય થયો છું. મારા પ્રણામ સ્વીકાર કરો.' પોતે શુદ્ર હોવાને કારણે સાધુને તેણે દૂરથી પ્રમાણ કર્યું.સાધુ સીતાશરણે તે સેવકને સાષ્ટાંગ પ્રમાણ કર્યા અને કહ્યું, 'ભાઈ, આજે તો મારા અહોભાગ્ય કે મહારાણી સીતાજીના પિયરના સેવકનાં દર્શનનું મને સૌભાગ્ય મળ્યું.' પેલા સેવકને ખૂબ સંકોચ થયો. તેણે કહ્યું, 'બાબા, તમે મને પ્રમાણ કરો છો, મને પાપ લાગશે.' સીતાશરણે કહ્યું, 'ભાઈ, અધમ કે નીચ કોઈ જાતિથી નહીં, પોતાનાં દુષ્કર્મોથી બને છે. તું રામ-સીતાનો ભક્ત છે. તારું મન નિશ્ચિલ પવિત્ર છે. તું ક્યારેક તારી જાતને નીચ-માનતો નહીં.'

ભારતીય વાયુસેના વધુ 'તેજસ્વી' બની રહી છે

તંત્રીસ્થાનેથી...

મકરસંક્રાતિ પ્રસંગે જ આર્મી ચીફ નવરણે અને એરફોર્સ વડા ભદૌરિયા એ દેઓશની સંરક્ષણ ક્ષમતામાં થયેલ જંગી વધારા વિશે નિવેદન કરીને પ્રજામાં ઉત્સાહમાં વધારો કર્યો છે. અત્યાર સુધી ભારતીય સેના ચીનની સરખામણીમાં ઓછી સજ્જ ગણાતી હતી. આ મુદ્દે કેન્દ્ર સરકારથી લઈ આમ નાગરિક સુધી એક ગર્ભિટ ઉચાટની સ્થિતિ પ્રવર્તતી હતી. પરંતુ જેમ જે ચીન આંતરરાષ્ટ્રીય સરહદ પર એની સૈન્ય શક્તિનો ખડકલો જમાવતું રહ્યું અને અનેક વખતની વાટાઘાટો પછી પણ લદ્દાખથી લઈ અરુણાચલ સુધીની ભારતીય સીમા પર ભયનો ઓથાર સર્જતું રહ્યું એમ સમાંતરે ભારતીય સેનાએ પણ પોતાની સંરક્ષણ દીવાલ મજબૂત કરતાં રહી કોઈ પણ પડકારને પહોંચી વળવાની પાકી તૈયારી કરી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર અને સંરક્ષણમંત્રી રાજનાથસિંહ અવારનવાર સેનાના વરિષ્ઠ અધિકારીઓથી લઈ ગ્રાઉન્ડ પર તૈનાત બાહોશ જવાનો સાથે મુલાકાત યોજી એમનું મનોબળ વધારતા રહ્યા છે. વળી સેનાનાયકોના પરામર્શ મુજબ એમને ખૂટતાં સંસાધન પૂરાં પાડી કોઈ પણ સમયે કોઈ પણ પડકારનો સામનો કરવા છૂટો દોર આપી દુશ્મન દેશોની સેનાઓને ભયભીત કરી મૂકી છે. ચીન અને પાકિસ્તાનની બદદાનત વિશે દુનિયા આખી વાકેફ છે. બલકે એ બેઉની સહિયારી તાકાત વિશે વિશ્વની સૌથી સુસજ્જ સૈન્ય તાકાત ગણાતું અમેરિકા ખુલ્લંખુલ્લા ભારતની પડખે ઊભું છે. એમ છતાં પોતાની જ અંતર્નિહિત તાકાત પર આ બેઉ વિરુદ્ધ ઝીંક ઝીલવાની ભારતીય સેનાએ ક્ષમતા કેળવી લીધી છે. ફ્રાન્સથી આવેલા ફાઈલટ પ્લેનોની સમાંતરે સ્વદેશી તેજસ ફાઈટર ક્રાફ્ટોની ખેપ એરફોર્સ માટે નવલા અને શુકનિયાળ નજરાણા સમી છે. લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસનું ઉત્પાદન વૈશ્વિક ટેકનોલોજી સાથે દેશમાં જ થઈ રહ્યું છે તે દેશ માટે ગૌરવસમી ઘટના છે. ચીન અને પાકિસ્તાન ભેગાં મળીને ઓચિંતો હુમલો કરે તો પણ એને મારી હઠાવવાની ક્ષમતા ભારતીય સેનાએ હસ્તગત કરી લીધી છે. તેજસ ફાઈટર ક્રાફ્ટ ચીનના આવા ઍરક્રાફ્ટ કરતાં વધુ ઉદ્યતન અને વધુ સક્ષમ છે. એરફોર્સના વડા કહે છે કે એમ એથી બાલાકોટ ઍર સ્ટ્રાઈક કરતાં પણ ઝડપી અને પરિણામલક્ષી કાર્યવાહી કરી દુશ્મન દેશોને એમની હૈસિયતનું ભાન કરાવી શકે એમ છે. ભારતીય સેનાની વધતી તાકાતથી ચીની ડ્રેગન પણ મૂંઝાઈ રહ્યું છે. સતત પાકિસ્તાનની તરફેણ કરતું હોવા છતાં એ હરહંમેશ ભારત સાથે સરહદ મુદ્દે સમાધાનકારી વલણનું પુનરુચ્ચારણ કરતું રહે છે. જો કે એથી એના વિશ્વાસે રહેવાનું ભારતીય સેના કે કેન્દ્ર સરકારને પરવડે એમ નથી. ૧૯૬૨ ભારતને બરાબર યાદ છે. 'હિંદી-ચીની ભાઈ-ભાઈ' અને પંચશીલના સિદ્ધાંતોનું રટણ કરનારા ચીને તત્કાલીન પંડિત જવાહરલાલ નહેરુને અને ભારતને પીઠ પાછળ ઘા કરી એની વિશ્વસનીયતા હંમેશને માટે ગુમાવી દીધેલ છે. અત્યારે પણ એનાં અટકચાળાં ચાલુ જ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને ખીસામાં મૂકીને ચાલતા ડ્રેગને એના નકસામાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના પ્રદેશોને ભારતથી અલગ દર્શાવી એની બદદાનતનો વધુ એક પરચો આપી દીધો છે. આ સંજોગોમાં ભારતીય વાયુસેનામાં 'તેજસ'નું તેજ ઉમેરાઈ રહ્યું છે એનું સ્વાગત કરીએ.

૨૦૨૧નું વર્ષ કેવું જશે?

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

(૨૦૨૦ ખરેખર ખરાબ ગયું?)

(૨૦૨૧માં કોરોના સમાપ્ત થઈ શકે કે ડબલ વેગે આગળ જશે?)

૨૫ ડિસેમ્બરે ગાંડાલાલએ વટહુકમ બહાર પાડ્યો. બધાએ સાડા ૧૧ વાગ્યે વડના ઝાડ નીચે ભેગા થવું. બરાબર સાડા અગિયારના ટકોરે ચારે-ચાર મિત્રો ભેગા થઈ ગયા. ગાંડાલાલ કેકનું ટેબલ સજાવ્યું. ૨૧ મીણબત્તી મુકી અને લીલા કલરની કેક ખાસ બનાવડાવી. અડધો કલાકનો સમય હતો. ચારે મિત્રો વાતોએ વળગ્યા. નિલેશ બોલ્યો, યાર આખું વર્ષ ખૂબ જ ખરાબ રીતે ગયું. વિપુલ બોલ્યો જે કંઈ થતું હશે એ સારા માટે થતું હશે. આપણને ખબર ન પડે પણ એમાં ભગવાનનો કઈ સારો સંદેશ હશે. ગાંડાલાલ બોલ્યા. આવું બોલવું તો બહુ સહેલું છે. પણ જેના ઉપર આભ ફાટ્યું હોય એને જ ખબર પડે. જે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હોય એના ઘરમાં જે તકલીફો ઊભી થાય એ તકલીફ તો એના ઘરવાળાને ખબર હોય.

વાતો કરવી સહેલી છે પણ આપણી ઉપર આભા તૂટે ત્યારે જ ખબર પડે. આ બાજુવાળા શંકરભાઈ ૫૫ વર્ષની વયે કોરોનાને કારણે મૃત્યુ પામ્યા. ૫૫ વર્ષ એકેય મરવાની ઉંમર છે. વિપુલ બોલ્યો, પેલો કૌશિક જેની ઉંમર ૩૦ વર્ષ હતી એ કોરોનામાં મૃત્યુ પામ્યો. બોલો એ કંઈ મરવાની ઉંમર છે. આવા કેટલાય માણસો છે જેઓ બિચારા અકાળે કોરોનાને લીધે મૃત્યુ પામે છે. આતો બહુ ખરાબ છે. પણ જે લોકો જીવે છે એ લોકો પણ સતત ભયના વાતાવરણમાં જીવ્યા છે. કયારેક કોરોના થશે, અને કોરોના ના થાય માટે દરેક દિવસ, દરેક કલાક, દરેક પળ કોરોનાથી ભાગતા રહેવાનું. ધંધા રોજગાર ખલ્લાસ થઈ ગયા. લોકોની નોકરીઓ જતી રહી. ભારતે તો ઘણું સારું કામ કોરોનામાં કર્યું. પણ હજુ અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા બીજા દેશોમાં કોરોનાનો કહેર યથાવત છે. લાખો લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે અને લાખો લોકો એમાં સપડાઈ રહ્યા છે. જયારે ભારતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં લોકોએ જીવ ગુમાવ્યો છે અને જે લોકોને કોરોના થઈને મટી ગયો છે એ લોકોમાં કોરોનાના એન્ટી બોડી સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. તમારામાં એન્ટી બોડી શરીરે બનાવી લીધા હોય એટલે તમારા શરીરમાં વેક્સિન બની ગઈ છે. એટલે તમારે કોરોનાની રસી મૂકાવવાની જરૂર નથી. ડાહ્યાલાલે બધું શાંતિથી સાંભળી રહ્યા હતા.એમને કહ્યું, જે થઈ ગયું એ સારા માટે છે. અને હવે જે થશે એ સારા માટે થશે એ પણ ઉત્તમ હશે. જીંદગીના નવા સમીકરણ બંધાશે. ગાંડાલાલ બોલ્યા, ડાહ્યાભાઈ કંઈક સમજાય એવું બોલો, તમે કહેવા શું માંગો છો...

જો ડાહ્યાભાઈ બોલ્યા, જુઓ ગાંડાલાલ અત્યાર સુધી લગ્નમાં ૨૦૦૦ કે ૩૦૦૦ માણસ સાથે લગ્ન કરતાં એ જ લગ્ન ૧૦૦ કે ૨૦૦ માણસમાં આરામથી થઈ શકે છે. લગ્નએ સારો અવસર છે. જેમાં દેખાદેખી ના હોય. ખોટા દેખાડા કરવાના ના હોય. તમે વિચારી જુઓ. લગ્નપ્રસંગ ઉજવવામાં ૧૦૦ કે ૨૦૦ માણસમાં જે મજા છે. એવી મજા ૨૦૦૦ કે ૩૦૦૦ માણસને બોલાવવામાં નથી. ૨૦૦૦ કે ૩૦૦૦ માણસોને બોલાવ્યા પચી લગ્નનો આનંદએ આનંદ નથી રહેતો પણ તકલીફોનો ભંડાર તમે જાતે જ ઊભો કરો છો. ૨૦૦૦ કે ૩૦૦૦ માણસનું આયોજન કરવું, એમને બોલાવવા માટે કાર્ડ આપવા, બોલાવ્યા પછી એમને સાચવવા, જમાડવા એ મોટી મુશ્કેલી હોય છે. છતાં લોકો દેખા-દેખીમાં કરતા હોય છે જે કોરોનાની પરિસ્થિતિમાં ૧૦૦-૨૦૦ માણસમાં આનંદપૂર્વક થઈ શકે છે. એવું બેસણામાં પોતાનું સ્વજન ગુમાવ્યાનું દુઃખ તો હોય પણ ૪૦૦૦-૫૦૦૦ માણસ આપણા ઘરે બેસણામાં આવે તો એનું આયોજન ખરેખર અઘરું હોય છે. હવે ટેલિફોનિક અથવા તો એસએમએસ બેસણું ખૂબ જ સરળ રહે છે. એટલે એવા કેટલા બધા દાખલા આપી શકાય કે જે કોરોનાની ઉપલબ્ધિ છે. માણસ માઈનસ ૩૦માં પણ જીવી શકે છે અને ૫૨ ડિગ્રી તાપમાનમાં પણ જીવી શકે છે. તમારે તમારો અભિગમ બદલવાની જરૂર છે.

વિપુલ બોલ્યો, ૧૨ વાગ્યા ચલો.... ભાઈ કેક કાપો... ગાંડાલાલ બોલ્યા, આપણામાં ડાહ્યો અને સમજુ માણસ ડાહ્યાલાલ છે. ડાહ્યાલાલની પાસે કેક કપાવીને ૨૦૨૧ની ઉજવણી કરીએ. ડાહ્યલાલે ૨૧ મીણબત્તી બુઝાવીને કેક કાપી. અને કહ્યું, આવતું વર્ષ ૨૦૨૧ જે ભારત માટે સારામાં સારું રહેશે. કોરોના લગભગ પૂરો થવાની તૈયારીમાં છે બધું જનજીવન પહેલાની જેમ ધબકવા લાગ્યું છે. ૨૦૨૦ની સારી પરંપરાઓ જાળવી રાખવાની જરૂર છે. કોરોના એ વાયરસ ઈન્ફેકશન છે એના જેવા બીજા કેટલાક વાયરસ આજુબાજુ છે જ. એટલે સમજી વિચારીને જ કામ કરવા જોઈએ. ગાંડાલાલ બોલ્યા, બીજુ બધું તો સારું છે પણ આ માસ્કનું શું? હવે આપણે કાયમ માસ્ક જ પહેરવાના? ડાહ્યાલાલેએ કહ્યું, સમય જતા એ પણ જતા રહેશે પણ આપણે કાયમ માટે સોશિયલ ડિસ્ટન્સીંગ તો પાળવું જ પડશે એટલે ૧૪૪ની કલમ સ્વયંભૂ યાદ રાખીને પાળવી પડશે તો જ આપણે આ વાયરલ જગતમાં સુખ અને શાંતિથી જીવન પસાર કરી શકીશું...

વિસામો આપવા માટે બારી ઉઘાડી રાખનારાઓનું સ્મરણ કરવાનો અવસર

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

રાષ્ટ્રીય શાયર તરીકે સુવિખ્યાત થયેલા શ્રી ઝવેરચંદ મેઘાણીએ માત્ર સૌરાષ્ટ્રની રસધાર લખી હોત તો પણ તેઓ સાહિત્યના ઈતિહાસમાં અમર થયા હોત. પરંતુ મેઘાણીભાઈએ રસધાર ઉપરાંત સંશોધનના ક્ષેત્રમાં તથા સાહિત્યના અનેક સ્વરૂપોમાં અમૂલ્ય યોગદાન આપ્યું. મેઘાણીભાઈના સર્જન લોકહૈયે વસેલા છે. તેના મૂળમાં સર્જનોમાં રહેલા સત્વ તથા ઉજળા મૂલ્યોની અમૂલ્ય વાતોમાં છે. કવિની શીખ એવી છે કે જીવનમાં જે સુખના કે આનંદના અનુભવો થાય તે સૌને વહેંચવા પરંતુ જીવનની તકલીફો કે પીડાઓની વાત જગતને વહેંચતા ફરવું નહિ. મેઘાણીભાઈએ આ વાત તેમની સુપ્રસિધ્ધ રચના ''એકલો'' (૧૯૩૪) માં આલેખી છે. રચના પ્રસિધ્ધ છે છતાં ફરી ફરી માણવી ગમે તેવી અર્થસભર છે. કેટલીક પંક્તિઓ જોઈએ.

તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમજે અશ્રુનો થાળ એકલો,
હોંશીલા જગને હસવા તેડું કરજે,
સંઘરજે ઉરની વરાળ એકલો.
તુજ દ્વારે દ્વારે દીપકમાળ ચેતવજે,
ગોપવજે દિલ-અંધારા એકલો,
બીજાને આંગણ અમૃત-ઝરણાં રેલવજે,
પી લેજે વિષ તારા તું એકલો.
દિલ દિલની દુઃખ - વાતો દિલસોજીથી સુણજે,
ચૂપ રહેજે કાપી જબાન એકલો,
કો થાકેલા પગની કાંકર ચૂમી લેજે,
કદમો ભરજે કંટક પર એકલો.

જગતભરના વહાલા બાળકો માટે પવિત્ર નાતાલ પર્વના શુભારંભે સાંતાક્લોસ (સંત નિકોલસ) આવે છે તે ખુશીના ખજાનાસાથેજ વાજતેગાજતે પધરામણી કરે છે. સાંતાક્લોસ ખુશી વહેંચે છે તથા પ્રસન્નતા પ્રસરાવે છે તેથી તેમની દુનિયા રાહ જૂએ છે. પોતાની નાની મોટી તકલીફો ગાનારને સાંભળનારા જગતમાં ઓછા છે. અહીં પણ કવિ સૌને સુખની મહેફિલમાં આવવા માટેનું નિમંત્રણ આપવા કહે છે. આંસુઓ પીવાનો વખત આવે ત્યારે તો પોતેજ પી જવાના હોય છે. જગત હોંશીલું છે અને સુખની ક્ષણોમાં ભાગીદારબનવા તત્પર છે. પણ ઊરની વરાળ તો સ્વયં પચાવવી પડે છે. જીવનના સમુદ્રમંથનના પરિણામ રૂપે મોતી મળે તો તેમાં ભાગ પડાવવા અનેક લોકો પ્રતિક્ષામાં રહે છે. પરંતુ અમૃત તથા મોતી સાથેજ અભિન્ન રીતે વણાયેલા વિષને પીવાતો સ્વયં શિવ બનવું પડે છે. જીવનની ગતિ આજ છે. અનેક સંતોએ આ કરી બતાવ્યું છે. આ પ્રકારનું મનોવલણ હોય તોજ આવું વીરકર્મ થઈ શકે. કવિ શ્રી દુલા ભાયા કાગ પણ તેમની એક જાણીતી રચનામાં આવી લાગણીનોજ પડઘો પડે છે.

ખુશખુશના મેવાને સહુ આગળ ધરી દેજે
ભરી લેજે ઊનો નિસાસો એકલો,
ચૌદ રત્નો મંથનના વિષ્ણુને દઇ દેજે,
શિવ થાજે સાગર કિનારે એકલો.

૨૦૨૦નું વર્ષ એક ડરામણી સ્મૃતિ સાથે પૂરું થવામાં છે. જે રોગચાળાની સમજ કે ઉકેલ દેખી શકાય નહિ તેવા રોગના આક્રમણથી સમગ્ર વિશ્વના દેશો ખળભળી જાય છે. કોણ કોની મદદ કરે ? ઝ્ર્ફેંદ્ર-૧૯ ને કારણે કહેવાતા સુખી-સમૃધ્ધ દેશોની માળખાગત નબળાઈઓ પણ સ્પષ્ટ રીતે નજર સામે તરવરી રહી. વિસ્થાપિતોની એક લાંબી વણઝાર આપણી સંવેદનશીલતાને મુંઝવતી રહી. શાસન તથા શ્રેષ્ઠિઓએ થઈ શક્યું તેટલું કર્યું. પરંતુ ભાગવતની કથા મુજબની આ ગોવર્ધન પર્વતને ઊંચકવા જેવા આ વિશાળ પડકારને પહોંચી વળવા અનેક ગોવાળિયાઓ જેવા સામાન્ય લોકો મેદાનમાં ઉતરી પડ્યા. પોતાની એક રોટીમાંથી અડધી રોટી સંકટગ્રસ્તોને સ્વેચ્છાએ પહોંચાડનાર આ મુંગા લોકોનો વિશાળ સમૂહ માનવતાના દાવે વણબોલાવ્યો આગળ આવ્યો. કોઈએ શ્રમિકોને ભોજન આપ્યું. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓની બહેનોએ નગરના એક ખૂણે બેસીને માસ્ક તૈયાર કર્યા. પ્રસિધ્ધિ કે વળતરની રજમાત્ર લાગણી સિવાય આવા માસ્કનું વિતરણ કર્યું. જાગૃતિ ફેલાવવાના પાયાના કામમાં એક આખો મુંગો તથા અણઓળખાયેલો સમૂહ સ્વબળે જોતરાઈ ગયો. મેઘાણીએ 'કોઈનો લાડકવાયોલ્લ કાવ્યમાં જેની ઉજળી ઓળખ સ્થાપિત કરી હતી તેવો આ 'અણપૂછ્યો - અણપ્રીછેલો' સમૂહ હતો. સામાન્ય લોકોના એક મોટા સમૂહે પોતાની તકલીફો – વ્યથા મનમાં ધરબીને વિશેષ તકલીફ ભોગવતા લોકોની ઉત્સાહભેર મદદ કરી એમને ટીવીના લોભામણા માધ્યમથી પ્રસિધ્ધિ મેળવવી ન હતી. તેમને તો સામેજ નજરે નીરખી શકાય તેવા દૂભાયેલા ભાંડુની આંતરડી ઠારવી હતી. રોગચાળાની વિપરીત અસરોથી દૂભાયેલા ભાંડુઓના દુઃખમાં તેમને ભાગીદાર બનવાની મહેચ્છા હતી. સરકાર કે સમાજના ચોપડે કદાચ તેમના વિશે મર્યાદિત પ્રમાણમાં લખવામાં આવે તો પણ કુદરતના ચોપડે તેમની આ કરણી ઉજળા અક્ષરે નોંધાઈ હશે. સૌથી મહત્વની વાત એ કે ત્રિકમ સાહેબે કહ્યું છે તેમ 'ટૂકડામાંથી ટૂકડોલ્લ આપનાર આ વર્ગ ઊંડો આત્મસંતોષ અનુભવી શકતો હતો તેજ તો તેમનું ખરું વળતર હતું. ભિષણ યુધ્ધમાં વિજેતા કે પરાજિત થયેલા રાજવીઓના કીર્તિગાનો જરૂર લખાય છે અને ગવાય છે. પરંતુ 'સુના સમદરની વાળે' (મેઘાણી) છેલ્લા શ્વાસ ભરતા સામાન્ય યોધ્ધાને તો આથમતો સૂર્ય કે દરિયાના અફાટ મોજાઓ ગૌરવથી વધાવી લેતા હોય છે.

જીવનના અવિરત શ્રમથી કે અણધારી આફતથી કોઈ થાકેલા હોય તેને સાંત્વના આપવા માટેની 'એકલોલ્લ કાવ્યની વાત માત્ર આ કાળમાંજ નહિ પરંતુ કોઈપણ સમયે પ્રસ્તુત છે. સ્વસ્થ સમાજના નિર્માણની આ પાયાની જરૂરિયાત છે. સંવેદનાનો ભાવ એ આપણી મૂડી છે અને સાચવી રાખવા જેવી છે. સંવેદના સાથે જીવતો સમાજ ખરા અર્થમાં સ્વસ્થ સમાજ બની શકે છે. સંવેદનાહીન માનવ સમાજની સમસ્યા તેમના વ્યક્તિગત જીવનમાં તો વસમી છેજ પરંતુ સામુહિક જીવનમાં તે વિકરાળ બની શકે છે. પારકી પીડામાં ભાગ પડાવવાની વ્યક્તિગત તથા સામુહિક તૈયારી આજની મોટી તથા અનિવાર્ય જરૂરિયાત છે. સર પ્રભાશંકર પટ્ટણીએ યથાર્થ લખ્યું છે તે સ્મૃતિમાં સંઘરીને અમલમાં મૂકવા જેવું છે.

જનમન અંદર પેસી શકીને દુઃખમાં ભાગીઓ થાઉ,
બની શકે તો શાંતિ કરું નેતો અશ્રુએ એને ન્હાઉ.
બતાવો ઉપાય કો એવો
બનુ દુઃખે ભાગીઓ તેવો રે.

અહિંસાને જો સ્વીકારતા હોઈએ તો પ્રામાણિક અમલ જ યોગ્ય

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીના સિદ્ધાંતોને લઈને માર્કસવાદના પૂંછડાં તરીકે ચોટાડી દેવા ન જોઈએ

એક સમયે મો.ક.ગાંધીએ ધારાસભામાં જવું એને પાપકર્મ ગણાવ્યું હતું. પરંતુ જયારે લોકશાહીમાં લોક સેવાની નીતિઓ ઘટવા માટે ધારાસભા ઉપયોગી અને આવશ્યક છે ત્યારે તેમણે ધારાસભામાં જવાની હિમાયત કરી એટલું જ નહીં પરંતુ પ્રધાનપદનો પણ સ્વીકાર કરાવડાવ્યો હતો. ગાંધીને એ કારણે તો નિત્ય પરિવર્તનસીલ વ્યક્તિત્વ તરીકે નવાજવામાં આવે છે. પણ એમની નિત્ય પરિવર્તનશીલતાએ સર્વના ઉદયની હરહંમેશ માટે રહી હતી એ સ્વીકારવું રહ્યું અને જયારે એ કોઈ અગાઉના વિચારનો પુર્નવિચાર કરીને સંકલ્પ બદલે તો એની સાથે સાથે કરવા જેવા કાર્યોનો પણ તુરત જ આરંભ કરી દેતા હતા. જેમ કે ધારાસભામાં જવા અને પ્રધાનપદ સ્વીકારવાની હિમાયત પછી તેમના સાથીઓએ એ સ્વીકાર્યું અને તેમને દારૂબંધીની યોજના અને કેળવણી પદ્ધતિવાળી યોજના ત્રણ વર્ષમાં પૂર્ણ થાય એવા આયોજન તેમણે ઘડી કાઢ્યા. ગાંધીના વિચારો જ એવા હતા કે તેમના વિરોધીઓને પણ દારૂબંધી અને કેળવણીની બાબતમાં ગાંધીના વિચારોની હરોળમાં બેસી જવું પડ્યું હતું.

આચાર્ય શ્રી જીવતરામ કૃપાલાણી લખે છે : સભામાં જવાની હિમાયત કરી એટલું જ નહીં, પણ પ્રધાન પોતે પણ સ્વીકાર કરાવ્યો. કેવી વિચિત્ર વિસંગતતા, અને છતાં કેવી દીધદષ્ટિ અને સાચી વસ્તુસ્થિતિની સમજ ! અને તેમને ઉતાવળ પણ કેટલી હેય છે ! પ્રધાને પોતાનાં પદો ઉપર ચડયા ન ચડ્યા એટલામાં તે ત્રણ વર્ષમાં કરવાની સંપૂર્ણ દારૂબંધીની યોજના અને પોતાની છેક અપૂવ એવી કેળવણીની પદ્ધતિવાળી લેજના સાથે તે તૈયાર થઈ ગયા ! કહેવાતા ઉદામવાદીઓ પોતાની કશી યોજનાઓ તૈયાર કરી શક્યા નહીં. પરિણામે દારૂબંધી અને કેળવણી બાબત તેમના વિચારે ગમે તે હતા, છતાં 'તેથી ઉદામવાદીઓ અને સમાજવાદીઓ હંમેશને માટે એક વાર સમજી લે કે, તેઓને જે વસ્તુનો સામનો કરવાનો છે, તે કાંઈ ઘસાઈને છ થઈ ગયેલું તત્વજ્ઞાન નથી, કે સામાજિક અને રાજકીય પ્રગતિની વિરોધી એવી કોઈ વસ્તુ નથી, કે મવાલેના ડહાપણવેડા અને ઘડપણ નથી. તેઓને જે વસ્તુને સામને કરવાનું છે, તે તે એક ક્રાંતિ છે – સજીવ અને સક્રિય શ્રદ્ધા છે, કે જેના ગાંધીજી મૂર્તિમંત અવતાર છે.' તેઓ એ પણ જાણી લે કે, તેઓ મનસ્વીપણે ગાંધીજીના કાર્યક્રમની વિગતોને કાપી લઈને બીજા આદર્શવાદો પર ચોટાડી નથી શકતા. તેઓ તોલાભર અહિસા લઈને તેમાં ધડીભર બૈશેવિઝમ ઉમેરી નથી શકતા. એ જાતની કાર્યસરણી કશું પરિણામ લાવી નહીં શકે, તે નિષ્ફળ જ નીવડશે. દાખલા તરીકે, તેઓ એક મેએ અહિંસાની વાત કરે, અને બીજે માંએ પાશ્ચાત્ય દેશની રીત મુજબની કિસાન ચળવળો અને ઔદ્યોગિક ઝઘડાઓને ઉત્તેજન આપે; અને કહે કે, એ ઝઘડા તે ક્યારના મેજૂદ છે જ, અમે તેમને કંઈ ઊભા કર્યા નથી - તે એ બરાબર નથી. જો તેઓ નીતિ તરીકે પણ અહિંસાને સ્વીકારતા હોય, તો પછી તેઓએ અહિંસા સાથે બંધબેસતી ન આવે એવા બીજા સિદ્ધાંતવાદોની અસર તેમાં ભેળવ્યા વિના તેને પ્રામાણિકપણે અમલમાં મૂકવી જોઈએ. તેઓએ મૂડીદાર અને મજૂરો વચ્ચે તથા ખેડૂત અને જમીનદારો વચ્ચે જે મેળનાં તત્વો છે તેમને ખોળી કાઢવા જોઈએ, અને અહિંસક યુદ્ધની સલાહ આપતા પહેલાં શાંતિમય સમાધાનીની બધી શક્યતાઓ અજમાવી જોવી જોઈએ. તેઓએ ગાંધીજીના સિદ્ધાંતો લઈને તેમને માર્કસવાદની પાછળ પૂછડા તરીકે ચૂંટાડી દેવા ન જોઈએ. સમાજવાદીઓ કદાચ નહીં જાણતા હોય, પરંતુ અહિંસાની તેમણે કરેલી હિમાયત એ જાણે ''પૉલિસી રમવા'' ખાતર કરી હોય તેવી ઉપર ઉપરની દેખાય છે. ખાનગી વાતચીતમાં કે જાહેર સભાઓમાં તો તેઓ ઘણી વાર હિંસાની હિમાયત કરવામાં કે તેને બચાવ કરવામાં ઊતરી પડે છે. છેવટે તે દરેક રાજકીય કાર્યકર્તા કબૂલ કરે છે કે, આજે હિંદુસ્તાનમાં હિંસક ક્રાંતિની વાત એ ખાલી સૈદ્ધાંતિક અગત્ય ધરાવે છે. તે પછી શા માટે તેમની ખાનગી કે જાહેર વાતચીતમાં અવારનવાર હિંસાની વાત ડાકિયું ઊંચું કર્યા કરે છે? તેનું કારણ એ કે અહિંસાને તેમના સિદ્ધાંતવાદ સાથે મેળ ખાતો નથી. તેઓ પિતાની જાતને રાજકીય દષ્ટિએ સંમાનિત કરાવવા માટે ખાદી પહેરે છે; તોપણ ખાદી પ્રત્યે તેમને કશે આદરભાવ હોતો નથી. તેઓ ગ્રામ ઉદ્યોગની વાત કરતા નથી, કારણ કે તેઓને તે ઉદ્યોગો પ્રત્યે કશે ઉમળકે હોઈ શકત નથી. પિતાની કોઈ ખાસ યોજના ના હોવાથી તેઓ વર્ધાની પાયાની કેળવણીની યેજનાને સ્વીકાર કરશે; પરંતુ તેમાં તેઓ એટલી બધી કટછાંટ કરશે કે પછી તે ક